સલામી સવારની..

સુપ્રભાતમ્
સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

બોલ્યા વિના કરે જે કામ તેને ફળતાં થાય છે,
લોકચાહના, આદર ને પ્રેમ મળતાં થાય છે,
ગળતાં જાય છે અભિમાન સુપ્રીમના તાપમાં -
જુઠ્ઠા, અન્યાયીનાં પાણી સદાય વળતાં થાય છે!

હાઈકુ

આસામે, બોડો -
પછી, હવે ભાજપ
લ્યો! મચાવશે...
(સત્તા નો...)

લ્યો! ખરી પડ -
જૂથના વાવાઝોડે -
'તલાલા' કેરી
(બેઠક ગૂમાવી...)

ચિંતન

નાસ્ત્ય પ્રાપ્યં સત્યવામ્

આ વાત ચાણક્ય સૂત્રમાંથી લેવામાં આવી છે.

સત્યરુપી સંપત્તિ ધરાવનારને કશું જ અપ્રાપ્ય નથી. સત્ય એ સૌથી મોટી સંપત્તિ છે. એને પ્રાપ્ત કર્યા પછી મનુષ્યને અન્ય કોઈ પણ ચીજની આવશ્કતા રહેતી નથી. સત્યનિષ્ઠા (પ્રામાણિકતા) સંસારની સૌથી કિમતી ચીજ છે. પ્રામાણિક વ્યક્તિ હરહંમેશ પ્રસન્ન રહે છે. અને બધાં જ લોકો એનો આદર કરે છે. આથી જ કહેવાયું છે કે, સત્યનિષ્ઠ વ્યક્તિ માટે કશું જ અપ્રાપ્ત નથી. એને બધું જ સામેથી મળે છે.

સત્યવાદી - સદાચારી હોય છે સદાચાર સાથે સર્વ સાત્ત્વિક સદ્‌ગુણો જાય છે અને એમાં 'સંતોષ' મુખ્ય છે.

'સંતોષ' પ્રામાણિકતાથી આવે છે. 'સંતોષી નર સદા સુખી' એ કહેવત છે. કોઈમાં - કંઈ જ અપેક્ષા ન હોય અને કોઈ પણ જાતની આકાંક્ષા ન હોય એ 'સંતોષ' છે 'અપેક્ષાઓ' દુઃખ-પીડા-નિરાશાના વસ્ત્રો પહેરીને જ આવે છે.

સત્યવાદી-સંતોષીનર આદરણીય બને છે.

સુવિચાર

- પાપ પાછળના પસ્તાવાની લાગણી જયારે આત્મોઉત્થાનમાં સહાયક બને છે ત્યારે એ વંદનીય બની જાય છે - **કચ્છ મિત્ર**
- માત્ર દુઃખ જ ઘટાડવાના પ્રયત્નોમાં પાપો વધતા જાય છે, જયારે ધર્મ વધારવા માટે સુખો ઘટાડ્યા વિના ચાલે તેમ નથી - **જનકલ્યાણ**
- જરૂરીયાત અને શોખ વચ્ચેના અંતરને પારખો - **સુરેશ દલાલ**
- કોઈ પણ માણસના હૃદયમાં ઈમાન અને ઈર્ષા સાથે નથી રહી શકતા - **હદીસ બોધ**
- સૌથી શક્તિશાળી વ્યક્તિ એ છે જેને પોતાની જાતમાં વિશ્વાસ હોય - **એસ. ભટ્ટાચાર્ય**
- ગુરુનો ઠપકો પિતાના પ્રેમથી સારો છે - **શેખ સાદી**
- આજનું ઔષધ : આધાશીશીમાં લસણની કળી વાટીને કાનપટ્ટી પર લગાડવાથી તરત રાહત થાય છે

(સંકલન : દિપક વી. આસરા)

બોધકથા

આપણે આપણા નિત્યક્રમમાં પૂજા-પાઠ કરતા હોઈએ પૂજામાં મૂર્તિઓ હોય, પાલખ હોય નવા વાઘા હોય ને પાઠમાં ગીતા પાઠ હોય - વળી મહિને કોઈ મંદિરમાં 'પૂનમ' ભરવા કે દરરોજ કયાંક દર્શનનો પણ નિયમ હોય આ બધું પૂરું થાય પછી ભક્તિ-આધ્યાત્મિકતા પૂરી - પછી તો આપણે 'ધંધે' લાગી જઈએ એમાં કયાંક ભગવાન-ભક્તિ યાદ આવતાં નથી... અધ્યાત્મ આચરણમાં હોવું જોઈએ.

જૂના સમયમાં મુંબઈ નગરનિગમમાં એક ઈજનેર અમૃતલાલ ઠક્કર કોઈ 'ચાલી'ની આસપાસ મ્યુ.નું કોઈ મોટું બાંધકામ સંભાળતા હતા. ત્યાં દેખરેખ દરમિયાન ઝૂંપડપટ્ટીમાં રહેતાં - લોકો - બાળકોની રહેણી-કરણી ખૂબ નજીકથી જોઈ વિચલિત થઈ ગયા. સવારે ગીતા પાઠમાં આવ્યું - 'બધા પ્રાણીઓમાં મારો વાસ છે હું જ આત્મા - પરમાત્મા છું' અને અમૃતભાઈએ નગરનિગમમાંથી રાજીનામું આપી દીધું.

અને દલિતો-વંચિતોની સેવા માટે વિનોબાજી ભાવે સાથે જોડાઈ ગયા. હૃદયપૂર્વકની સેવાભાવના જોઈ વિનોબાજીએ એકવાર કહ્યું 'ભાઈ! તમે તો તમારું જીવન સેવાભાવથી ગીતામય બનાવી લીધું છે.'

અકબર રોડનું નામ નહીં બદલાય!

પાંચ રાજયોની ચૂંટણીના માહોલમાં રાજયકક્ષાના વિદેશમંત્રી અને પૂર્વ લશ્કરી વડા જન. વી.કે.સિંહે કરેલું વિવાદાસ્પદ વિધાન ચર્ચાની એરણે ચડતાં પહેલાં જ દબાઈ ગયું છે અથવા કેન્દ્ર સરકાર દ્વારા એને સમયસર દબાવી દેવાયું છે. વી.કે.સિંહને લાઈમલાઈટમાં રહેવાની ખંજવાળ રહ્યા કરે છે પણ એવી તક નથી તો એમને વિદેશખાતું આપતું કે નથી વડાપ્રધાન એમને અપેક્ષિત મહત્ત્વ આપતા. ૨૦૧૪માં તેમણે પડખે બેસાડી હરિયાણા કબ્જે કરવાનો ઉદ્દેશ હતો તે હાંસલ થઈ ગયો. આર્મીના સર્વોચ્ચ સેનાપતિ ભાજપને સાથ આપી રહ્યા છે, તેવું દેશની પ્રજાએ નજરોનજર જોયું એનો જે કંઈ લાભ મળવાપાત્ર હતો તે મોદીને મળી ગયો. વળતર સ્વરુપે વી.કે. સિંહને સંરક્ષણમંત્રી પદની જ આશા હોય તે સ્વાભાવિક છે. મોદીએ પોતાની સરકાર સામે બળવાખોરી કરનારા લશ્કરી વડાની મહત્ત્વાકાંક્ષા ઊગતી જ ડામી દઈ એમને પોતાની હેસિયત મુજબ વેતરી નાખી દૂરંદેશિતાનો પરિચય આપ્યો હતો. હવે વી.કે.સિંહ પાસે મીડિયામાં ચમકતા રહેવા માટે અકબર રોડનું નામ બદલીને મહારાણા પ્રતાપ માર્ગ કરવા જેવા વાહિયાત પ્રસ્તાવ સિવાય બીજો કોઈ ઉપાય જ નથી રહ્યો. એમની આ માગણી પર કોઈ જાતની ચર્ચા વિચારણા કરવાની તસદી લીધા વગર કેન્દ્ર સરકારના પ્રવક્તા મંત્રી વેંકૈયા નાયડુએ સ્પષ્ટન નિવેદન કરી આવું કંઈ જ કરવાનો સરકારનો ઈરાદો નહીં હોવાની સ્પષ્ટતા કરી દઈ વી.કે. સિંહને ભારે ભોંઠપભરી સ્થિતિમાં મૂકી દીધા છે. અગાઉ ઔરંગઝેબ રોડનું નામ બદલીને ડૉ. એપીજે અબ્દુલ કલામ રોડ પાડવામાં આવ્યું એમાં કેન્દ્ર સરકારની મુત્સદ્દીગીરીનાં દર્શન થયાં હતાં. એક ક્રૂર મોગલ બાદશાહની જગ્યાએ દેશને આંતરરાષ્ટ્રીય નકશામાં મૂકી આપનારા પૂર્વ મુસ્લિમ રાષ્ટ્રપતિના નામ સામે પ્રજા વિરોધ ન જ કરે, તે સમજાય એવું હતું. મોદી માટે આસામ વિજય પછી ઉત્તરપ્રદેશની ચૂંટણી એ મોટો પડકાર છે. ઉત્તરપ્રદેશમાં મુસ્લિમ મતદાતાઓમાં ભાગ પડાવવાની રાજનીતિ ૨૦૧૪ની લોકસભાની ચૂંટણી વખતે કારગત સાબિત થઈ હતી. એ પછી બનેલી દાદરી ઘટનાએ મુસલમાનોમાં ભાજપ વિરોધી માનસિકતા પોષી છે. એવા સંજોગોમાં અકબર રોડનું નામકરણ રાણા પ્રતાપ માર્ગ કરવાથી કદાચ કટ્ટર હિંદુત્વવાદી પરિબળો જરુર પોરસાય, પરંતુ બિનસાંપ્રદાયિક પરિબળોને તો સરકાર સામે હુમલો કરવાની તક જ મળી જાય, એમાં વેગળા રાખવાની વ્યૂહરચના જ અપનાવશે. ઔરંગઝેબ રોડનું નામ બદલાયું ત્યારે જાગ્યો હતો એ કરતાં ઘણો મોટો ઊહાપોહ અકબર રોડનું નામ બદલવાથી સરજાઈ શકે, કારણ એ અકબરને તો ઈતિહાસકારોએ 'મહાન અકબર' કહી 'મહાન અશોક'ની પંગતમાં બેસાડી દીધેલો છે. પોતાના

તંત્રીસ્થાનેથી...

શંકાને સ્થાન નથી. આથી ખુદ રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘ સુદ્ધાં આવા મુદ્દાને ઉછાળવાનું હાલના સંજોગોમાં પસંદ નહીં કરે. એ સુબ્રમણ્યમ સ્વામી અને સાક્ષી મહારાજ કે સાધ્વી પ્રાચી જેવા બોલકણા નેતાઓ પાસેથી નિવેદનો જરુર કરાવશે પણ એની જવાબદાર નેતાગીરીને વિવાદાસ્પદ વિધાનોથી દરબારમાં નવ રત્નો રાખી પ્રજાની નાનામાં નાની જરૂરિયાતનું ધ્યાન રાખનાર અકબર મોગલ સામ્રાજયનો સૌથી પ્રતાપી શહેનશાહ હતો. રાણા પ્રતાપે એની સામે નહીં ઝૂકીને અપ્રતિમ શૌર્ય દાખવ્યું હતું તે સાચું, પરંતુ એથી અકબર કે એનો વહીવટ ઈતિહાસ થોડો ભૂંસાઈ જાય છે?

હીટવેવ અને ચામાચિડિયા

સમગ્ર વિશ્વ કલાઈમેટ ચેન્જની અસરોના ભાગરુપે ગ્લોબલ વોર્મિંગ અનુભવી રહ્યું છે. ત્યારે દિન-પ્રતિદિન આજકાલ ખાસ કરીને આપણાં ભારત દેશના મોટા ભાગના પ્રદેશમાંમાં ગરમીનો પારો ૪૫ થી ૫૦ની આસપાસ ફરી રહ્યો છે. ત્યારે આપણી માનવજાત સિવાયના અન્ય જીવોની શું હાલત થતી હશે? તે એક વિચારવાનો પ્રશ્ન છે.

આજકાલ ગાંધીનગર અને અમદાવાદ જેવા શહેરોમાં ગરમીને કારણે ચામાચિડિયાઓ મોટા પ્રમાણમાં મરી રહ્યા છે અને તેના બચાવ માટે પાલિકાઓના અગ્નિશામક વાહનોની મદદથી પાણીના છંટકાવનું શુભકાર્ય હાથ ધરાઈ રહ્યું છે. આવું ક્યાં સુધી અને કયાં કયાં? કેટલાક દિવસ? શક્ય છે?

હીટવેવની અસરો વિવિધ પ્રકારના જીવો પર થતી જોવા મળે છે. તેમાં ચામાચિડિયા તરફ ખાસ ધ્યાન ખેંચાવાનું કારણ એ જ કે આ જીવો કાળાશ પડતાં રંગના સમુહમાં વૃક્ષો પર રહેતા હોય છે અને ગરમી વધતાં મોટી સંક્યામાં વૃક્ષ પરથી જમીન પર મરેલા પડેલા જોવા મળી આવે છે.

સસ્તન પ્રાણીઓમાં ઊડી શકે તેવા આ અપવાદરુપ જીવોના ઉપાંગોની પ્રથમ ભાગની એક જોડ પાંખોમાં પરિવર્તિત થયેલી છે તેથી તેનું સમગ્ર જીવન ચામડીયુક્ત વધુ પડતી રૂંવાટી વાળ વગરનું છે. વધુ પડતી ગરમીનો ભોગ બનતાં ચામાચીડિયાની જાતિઓ વૃક્ષશાયી એટલે કે વૃક્ષ પર વાસ કરતી હોય છે. મોટા, ઊંચા, છાયાદાર, ઘટાદાર, સદાહરિત, ભેજવાળા વૃક્ષો તેમની પ્રથમ પસંદગી છે. કારણ કે તેમ ને વધુ પડતી ગરમી અનુકૂળ આવતી નથી.

ઉત્તરના દેશોમાં શિયાળાની ઋતુમાં મોટા ભાગના ચામાચીડિયા શીતસમાધિ કે શીતશયનમાં રહેવું પસંદ કરે છે. આ ગાળામાં વધુ પડતી ઠંડી અને ખોરાકની અછત હોય છે. આમ તો ચામાચીડિયા ઉષ્ણકટિબંધીય વિસ્તારના જીવો છે. તેથી તાપમાન કે ગરમી સાથે તેને સીધો સંબંધ છે. મોટાભાગના ચામાચીડિયા નિશાચર છે. રાત્રિના ઠંડા પહોરમાં તે ફરતાં રહે છે. દિવસે વૃક્ષો પર રોકાણ કરે છે.

વનસૃષ્ટિનો પરિચય
હેમંત સુથાર

તાપમાન અને ચામાચીડિયાઓની ઊંઘને કે સક્રિયતાને સીધો સંબંધ છે. અનુકૂળ તાપમાને તેઓ બે આંખો બંધ કરીને પુરતી નિદ્રા માણે છે પરંતુ તાપમાન વધારે થતું જાય તેમ તેમ તેમનો નિંદ્રાનો સમય ઘટતો જાય છે. શરીરને ઠંડુ રાખવા માટે તેમણે તેમના અંગોમાં ધ્રુજારી, ફફડાટ કે હલન-ચલન કરતાં રહેવું પડે છે. આ માટે તે એક આંખ ખુલ્લી અને એક આંખ બંધ રાખીને સક્રિય રહે છે. આ કારણે તેમના શરીરનું તાપમાન ઘટાડતાં રહેવામાં મદદ મળતી રહે છે.

ઊંધા લટકતાં ચામાચીડિયા ગરમીના સમયમાં વારેવારે પેશાબ કરતાં રહે છે. આ પેશાપ તેમના શરીર પર ફેલાતાં ચામડી કે ભેજયુક્ત રહે છે અને શરીર ઠંડુ થતું રહે છે.

વધુ પડતું અસહ્ય તાપમાન થાય ત્યારે ચામાચીડિયા ઊંઘી શકતા નથી. નિશાચર હોઈ દિવસે તાપમાં અન્ય સ્થળે સ્થળાંતર કરી શકતાં નથી. દિવસ ઉગતાં ઠંડક હોય છે તે દિવસે આગળ ધપતાં ગરમી વધતી રહે છે. ચામાચીડિયા વૃક્ષની ઊંચાઈ ભાગેથી નીચેની તરફ સરકતાં રહે છે. કેટલાક વૃક્ષના થડ વાટે જમીન પર પણ આવી જાય છે. ઘણાં બધાં ચામાચીડિયા પરત વૃક્ષ પર ચઢી શકતાં નથી ગરમીથી મૃત્યુ પામે છે. વૃક્ષની નીચે જ જઈ શકેલ ચામાચીડિયા વૃક્ષ પર જ લટકતી હાલતમાં મૃત્યુ પામે છે અને તુટેલી છત્રીની માફક વૃક્ષ પર જ મૃત હાલતમાં લટકતાં રહે છે.

વિશ્વના ઘણાંબધાં ભાગોમાં વધુ પડતી ગરમીથી ચામાચીડિયાઓ મોટી સંખ્યામાં મરી જવાની ઘટનાઓ બને છે. તેનો વિશ્વના વિવિધ વૈજ્ઞાનિકો અભ્યાસ પણ કરી રહ્યા છે. અગાઉ લાંબા સમયાંતરે આવી ઘટનાઓ ધ્યાનમાં આવતી હતી. પરંતુ છેલ્લા દસકામાં તાપમાન પૃથ્વીના ઈતિહાસમાં વધુમાં વધુ નોંધાયા હોઈ, પ્રતિવર્ષ આવી ઘટનાએ બનતી રહી છે. ગ્લોબલ વોર્મિંગ કે હીટવેવની ચામાચીડિયાઓની વસાયતો પણ મોટી અસર પહોંચી રહી છે. તેમની વસતી ચિંતાજનક રીતે ઘટવા માટેનું આ મુખ્ય કારણ બની રહ્યું છે.

હોટ હોટ 'હીટ'...!!!

એપ્રિલ મહિનામાં જ મૌસમ વિભાગે ચેતવણી આપી દીધેલી કે આ વર્ષે ઉનાળો વધુ આકરો બનશે અને ગરમીનો પારો વધવાની પૂરી સંભાવના છે. ઈનફેક્ટ ૨૦૧૫નું વર્ષ પણ ભારત માટે તો ગરમ ઉનાળો જ લાવેલું અને એ પણ રેકોર્ડ બ્રેક જ ગરમી હતી. એકાદ મહિના પહેલા આ જ જગ્યાએ લખાયેલું કે આ વખતે શિયાળો વહેલો વિદાય થઈ ગયો છે મતલબ કે શિયાળામાં જોઈએ એટલી ઠંડી પડવાને બદલે ફેબ્રુઆરી ને માર્ચ જેવા મહિનાઓમાં ગરમી લાગવી શરુ થઈ ગયેલી. મૌસમ વિભાગે તો આટલી ભયંકર ગરમી પડવાનો સારો દોષ અલ નીનો પર ઢોળી દીધો છે અને આપણે અલ નીનો એટલે શું એ જાણવા કરતા ભરબપોરે આ તીખી અને તેજ ગરમીથી કેમ બચવું એના ઉપાયોમાં અને ચિંતાઓમાં વધુ ગરકાવ છીએ. એમ તો જ્યોતિષશાસ્ત્રના માટે આ ''નવતાપા'' સ્થિતિ બનેલી છે મતલબ કે ગરમી લગભગ ૨ જુન સુધી પોતાનું રૌદ્ર રૂપ ચાલુ રાખશે પણ એના રૌદ્ર રૂપમાં માનવજાતના હાલ બેહાલ થઈ જશે એનું શું ? ગોડ ક્રોઝ...!!!

મૌસમ વિભાગ ભલે વરસાદની બાબતમાં ભાગ્યે જ સાચું પડતું હોય પણ લગભગ દર વખતે ગરમીની બાબતમાં સાચું પડતું જાય છે અને મોસમ વિભાગની આગાહીને સાચી ઠેરવતા સુરજ મહારાજે પોતાનો કહેર વરસાવાનો શરુ પણ કરી દીધો. રાજસ્થાનના ફલોદીમાં તાપમાન ૫૧ ડીગ્રી નોંધાયું તો આપણા ગુજરાતમાં પણ પારો બેરોમીટર પર સડસડાટ ઉંચો ચડતો ગયો અને અમદાવાદમાં છેલ્લા ૧૦૦ વર્ષનું સૌથી વધુ તાપમાન ૫૦ નોંધાયું. ૪૦ કે ૪૪ ડીગ્રીમાં જ હાંફી અને પસીનાથી તરબતર થઈ જાતા આપણે તુચ્છ મનુષ્યો માટે ૫૦ ડીગ્રી એ કોઈએ ભડભડ બળતી ભઠ્ઠીમાં નાખી દીધા હોય એવી સ્થિતિથી પણ વધુ ભયંકર અનુભૂતિ હતી. ૫૦ ડીગ્રીવાળા કઈ આપણે એક જ નહોતા એમ તો આખાયે દેશમાં સુરજ મહારાજનો ગરમ મિજાજ ફરી વળેલો. રાજસ્થાનના કઈ શહેરોમાં તાપમાન ૫૦ આસપાસ તો યુપીના બાંદામાં પણ ૪૮ની આસપાસ પહોચી ગયેલું. જેસલમેર બોર્ડર પર તો પારો રેકોર્ડ બ્રેક ૫૪ ડીગ્રી સુધી પહોચી ચુકેલો. દિલ્હી ૬ ડીગ્રીના વધારા સાથે મહતમ ૪૬ ડીગ્રીને પેલે પાર સુધી ગરમ થઈ ચૂકેલું. જો કે ઉત્તર ભારતમાં તો એપ્રિલમાં જ મેં-જુન જેવી ગરમીની શરૂઆત થઈ ચુકેલી. જેસલમેર ૪૨ને પાર અને અલ્હાબાદ ૪૫ને પાર તો એપ્રિલ મહિનામાં જ પહોંચી ગયેલું.

વાત ગુજરાતની કરીએ તો ગુજરાતના સૌથી ગ્રીન સીટી તરીકે ઓળખાતા અને માથાદીઠ અંદાજે ૧૦૦ ઉપરાંત વૃક્ષો ધરાવતા પાટનગર ગાંધીનગરનું તાપમાન સતત બે દિવસ સુધી રાજ્યભરમાં સૌથી ઊંચું નોંધાયું...!!! છે ને કમાલની વાત ? જનરલી એમ કહેવાય કે વૃક્ષો ગરમી કે તાપને શોષી લે અને હવામાં તાપમાનના ફેરફારને ઓછો કરે છે પણ ઓલમોસ્ટ ગ્રીન બેલ્ટ જેવા ગાંધીનગરનું તાપમાન લગભગ ૪૫ની પેલે પાર ૪૮ સુધી સતત બે દિવસ નોંધાયું એનું કારણ સૂર્યના તાપનું સીધું જ ધરતી પર પડવું જ ગણવું રહ્યું, અધરવાઈઝ આટલી બધી ગરમી ગાંધીનગરમાં તો પડવી નાં જ જોઈએ એવું સામાન્ય સમજ કહે છે. સાથે સાથે એ પણ વિચારવું રહ્યું કે વધુ વૃક્ષો વાવવાથી નો ડાઉટ અમુક હદ સુધી ગરમી સામે જીંક જીલી શકાતી હશે પણ એ સાવ કારગત ઉપાય તો નથી જ. જો કે ગાંધીનગરમાં આટલી ગરમી નોંધાવાનું એક કારણ એ પણ બહાર આવ્યું કે શહેરમાં ખુલ્લા મેદાનોની સંખ્યા અને વિસ્તાર વધુ છે અને બીજું કે પહોળી સડકો પણ વધુ છે એને લીધે સુરજનો તાપ પરાવર્તિત થઈને વાતાવરણને વધુ ગરમ બનાવતો રહ્યો. જો કે આમેય ગાંધીનગરમાં ઠંડી પણ વધુ અને તાપ પણ વધુ નોંધાતો હોય જ છે પણ છેલા બે કે ચાર વર્ષોથી આ બંને બાબતમાં ગાંધીનગર રાજ્યમાં અવ્વલ આવતું જાય છે એ હકીકત છે જ. આ વર્ષે પણ ઠંડીની બાબતમાં ગાંધીનગરે કચ્છની બરાબરી કરેલી તો હવે ગરમીની બાબતમાં રાજ્યમાં અવ્વલ આવ્યું, આમાં હરખાવ જેવું જો કે કઈ નથી જ.. ખાલી ગાંધીનગર માં જ કે અમદાવાદમાં જ આટલી ગરમી પડી એવું તો નહોતું જ કેમકે આગળ લખ્યું એમ આજુબાજુના રાજ્યો અને સમુચા ઉત્તર ભારતમાં ગરમીનો પ્રકોપ લગાતાર ચાલુ જ હતો.

ગરમી પડવાના બે કારણો છે. એક તો સમુદ્ર ઉપરનું વાતાવરણ ગરમ થયુ છે અને બીજી તરફ સૂર્યની ગરમીની દિશા બદલાવાથી પણ ગરમી વધી શકે છે. આટલી ગરમી પાછળ જલવાયુ પરિવર્તનની સાથે સાથે વૈશ્વિક કારણો પણ જવાબદાર છે. એશિયા ભૂખંડમાં વાતાવરણ ચેન્જ માટે વૃક્ષોનું નિકંદન, નદીઓના જળસ્તરમાં કમી અને ઓદ્યોગિક પ્રદુષણ જેવા લોકલ કારણો જવાબદાર છે, વ્યાપક ગરમી સમગ્ર ભારતમાં પણ પડી રહી છે. એવું નથી કે માત્ર ગાંધીનગરમાં આટલુ તાપમાન છે.

આસપાસના રાજ્યોમાં પણ ગરમીનું પ્રમાણ વધ્યુ છે. કોઈ પણ મોસમ જલવાયુના પરિવર્તિન પર આધાર રાખે છે. સમુદ્ર પરથી આવી રહેલી હવા ગરમ થઈ ગઈ છે. તો બીજુ કારણ સૂર્યમાંથી આવતી ગરમીની દિશા બદલાઈ હોય તે પણ હોઈ શકે છે, હવે ગરમી સીધી જ જમીન નહિ પણ આખીયે દુનિયાનું શિરદર્દ બનતી જાય છે, ગરમી હવે એક વૈશ્વિક સમસ્યા છે. સાઉથ એશિયામાં અને ભારતના અન્ય રાજ્યોમાં પણ ગરમી પડે છે. ગરમી પડવા પાછળ સમુદ્ર પરની ગરમ હવા મુખ્ય કારણ હોઈ શકે છે.

રજળપાટ
અજય ઉપાધ્યાય

હકીકત અને મોસમ નિષ્ણાતોનું માનવું છે કે ચાલુ સદીના અંત સુધીમાં આખાયે વિશ્વનું તાપમાન અંદાજે ૫ થી ૬ ડીગ્રી સુધી વધી જવાની સમભાવના છે અરે સમભાવના શું પણ ઓલમોસ્ટ વિશ્વના ઘણા બધા ક્ષેત્રો તો તાપમાનના આ વધારાને અત્યારથી જ અનુભવી રહ્યા છે. અલ નીનો, ગરમ સમુદ્રી હવા અને બદલાયેલું ગ્લોબલ તાપમાનને જવાબદાર ઠેરવતા પહેલા એ હકીકત સ્વીકારવી જ રહી કે પૃથ્વી પરનું ગ્રીન કવર ધીરે ધીરે જેમ જેમ ઓછું થતું જાય છે એમ એમ ગરમીની માત્રામાં વધારો થતો જોવા મળી રહ્યો છે. મોટા શહેરોમાં અને જંગલ વિસ્તારમાં વૃક્ષો કાપવાનો વ્યવસાય બેધડક ચાલી રહ્યો છે. વિકાસની હરણફાળમાં આપણે પર્યાવરણીય સંતુલન ખોરવતા જઈએ છીએ. જંગલો અને વૃક્ષો કે જે તાપમાન અને વરસાદને ખેચવાના મુખ્ય પરીબળ તરીકે કામ કરે છે એનો છેડચોક વિનાશ થઈ રહ્યો છે. વૃક્ષારોપણ તો ક્યાય થતું હોય એવું દેખાતું નથી. કપાય એનાથી બમણી સંખ્યામાં વૃક્ષો વવાય તો પણ હજુ આવનારી પેઢીને કેક અંશે આવી કુદરતી પ્રકોપોથી રાહત મળે એ હકીકત છે પણ અફસોસ કે આવું કઈ થઈ રહ્યું નથી અને જો થઈ રહ્યું હોય તો એનું બરાબર જતન નથી થતું. પાણીના તળ ઊંડા જતા જાય છે. નદીઓ સુક્કી ભઠ્ઠ બનતી જાય છે. પાણીના સંગ્રહની કોઈ સચોટ વ્યવસ્થા હજુયે ગોઠવાઈ નથી. ઉદ્યોગીકરણને લીધે હવામાં જેરી વાયુઓ અને બીજા તત્વો ભળવાથી તાપમાન સતત વધતું રહે છે. અમદાવાદ જેવા શહેરમાં તો આમેય ૩-૪ ડીગ્રી જેવી ગરમી તો આવા પ્રદુષણના પાપે લાગતી હોય છે. કપાતા વૃક્ષો, જંગલો અને વધતું વાયુ પ્રદુષણ વિષે જો ગંભીર નહિ થઈએ તો આવનારા સમયમાં શેકાયેલા પાપડ જેવા ચહેરાઓ લઈને ફરવાનો સમય આવશે એ નક્કી છે. અત્યારથી જાગશો તો આગામી સમયમાં થનારી ૫પથી વધુ ડીગ્રી તાપમાનમાં કેક રાહત રહેશે બાકી ગરમીના સ્ક્રીન શોટ લેવા જેવા પણ નહિ રહીએ એ હકીકત છે...!

'મમતા' વાર્તા માસિકની માર્ચ-એપ્રિલની વાર્તાઓ વિશે



ગુજરાતી સાહિત્યમાં આવતીકાલના વાર્તાકારો માટે ''મમતા'' છેલ્લા પાંચ વર્ષથી નિયમિત રીતે પ્રકાશિત થઈ રહ્યું છે. અને સાવ નવા છતાંય આશાસ્પદ વાર્તાઓ લખતા નવજુવાનિયાઓને લેખક (વાર્તાકાર) બનાવવાનું બીડું મમતાએ ઝડપ્યું છે. અને પાછી ખૂબીની વાત એ છે કે એના સંપાદક ગુજરાતી ભાષાના જાણીતા વાર્તાકાર-નવલકથાકાર, નાટ્યકાર મધુ રાય છેક અમેરિકા બેઠા છે, ત્યાંથી બેઠા બેઠા વિજાણું યંત્રોની મદદથી આ કાર્ય એકલા હાથે કરી રહ્યા છે. મમતાના માર્ચ-એપ્રિલના સંયૂક્ત અંકની બધી જ વાર્તાઓમાંથી પસાર થયો છું ત્યારે આરંભે વિવેચકોની દૃષ્ટિએ અડધાથી વધુ નિષ્ફળ સાહિત્ય લખનાર કવિ સુરેશ દલાલની વાર્તા '' પિન-કુશન '' પસંદ કરાઈ છે. જેમાં ૩૦ વર્ષની ઉંમરે લગ્ન કરનાર નાયકની વહેલી સવારની મનોસ્થિતિ ટૂંકાણમાં રજું કરવાનો નિષ્ફળ પ્રયાસ થયો છે. પત્ની રૂપાનું નિરસપણું અને નાયકની ''પિન - કુશન'' હોવાની વ્યથા અને ઊઠીને બાથરૂમ જઈ ફરી સુઈ જવાની ઘટના નાયકની કામેચ્છાની તીવ્રતા દર્શાવવામાં સફળ નથી થતી.

ત્યાર પછી વાર્તા ''ટેક્સાસ'' પણ શીર્ષકને સિદ્ધ કરવા માટે આગળ વધતી લાગે છે. કથાનક ખુબ જાણીતું અને ફિલ્મી છે. શ્રી રજનીકુમાર પંડ્યા જેવા લેખકે કદાચ લખવા ખાતર આ વાર્તા લખી નાખી હોય એમ લાગે છે. કથનશૈલી રસપ્રદ છે. બીજી કોઈ મૌલિક ઘટના હોત તો મજા આવેત. જો કે અંતે '' પપ્પા, બીજું તો કાંઈ નહીં, ભલે પેટ્રોલનો કૂવો ગયો તો ગયો, પણ આપણે બંગલાનું નામ 'ટેક્સાસ' રાખીએ તો કેમ ? '' આટલો મૌલિક વિચાર થોડી મજા આપી જાય છે. 'સુરતી જમણ' શ્રી હરનિશભાઈ જાનીની વાર્તા નથી પણ હાસ્યલેખ છે. હાસ્યલેખક તરીકે શ્રી હરનીશભાઈનું નામ જાણીતું છે. પણ અહીં હાસ્યવાર્તા બનતી નથી. વાર્તાનું શિલ્પ પણ નથી. ત્રણ સિનિયર સિટીજનો ભેગા થઈને કોઈ નવો બિઝનેશ કરવાનું વિચારે અને એમાંથી રમુજ સર્જાય એ અન્ય લેખકો દ્વારા જુદી જુદી રીતે અનેક વાર લખાયું છે. શ્રી બાબુ સુથારની ''ત્રણ માટલાંની રીત'' વાર્તાનું શિલ્પ સારું છે. નવી શૈલીથી વાર્તા ઉઘડતી જાય છે, બનતી પણ જાય છે પણ પછી વારંવાર એક જ વાતનું પુનરાવર્તન થવાથી વાર્તાનું શિલ્પ કથળી જાય છે અને એનું મૌલિક હાસ્ય અને વ્યંગ્ય ગુમાવી બેસે છે. આ વાર્તામાં ઘણું નવું કરી શકાયું હોત. એકધારા વાર્તાપ્રવાહમાં વાર્તા વિખેરાઈ જાય છે. સંપાદકને દરેક પત્રમાં ઘરના એક એક સભ્યના લવાજમ મોકલવાની વાત સારી છે અને '' તમે મરણોત્તર લવાજમ સ્વીકારો છો ? એ પણ સારો વ્યંગ્ય છે. ગુરુત્વાકર્ષણનો નિયમ સાહિત્યજગતના આકર્ષણના નિયમની ઘણી નવી વ્યંગ્યાત્મક વાતો લાવી શક્યો હોત પણ લેખક એવું વિચારી શક્યા નથી.

નીલમ દોશીની '' આર્યા બની પતંગિયું '' એક સરસ વાર્તા છે. નાયિકા આર્યાના મનોભાવોનું પતંગિયાસભર થતું ઉડ્ડયન રસભર બને છે. જો કે વાર્તાને અંતે આર્યાને મળતું ''વિસ્મરણનું વરદાન'' સ્પષ્ટ થતું નથી. લગ્ન પહેલાની અને પછીની સ્થિતિ અને પતંગિયાનું આંતરમન વિષયની રીતે મૌલિક અને નવું છે. પણ વાર્તાની અંદર હજી કંઈક ખૂટતું જણાય છે. પ્રફુલ્લ શાહની ''વારતામાં વારતા''ની શૈલી અને ઘટના સારી છે. પણ વાર્તાની ગૂંથણી બરાબર નથી. ભાષા પ્રયુક્તિ અને બીન જરૂરી અલંકારો - કલ્પનો વાર્તારસને અવરોધક બને છે. આમ છતાંય ક્લાસમાં એક ચીઠ્ઠી કાઢીને ''બીરજુ''નું નામ નીકળતા મંડાતી કાગડાની વારતા રસ ઉત્પન કરે છે. અને અંતમાં નાયકનું કાગડાપણું વાચકોના મનમાં મસ્તી અને અનુભૂતિ છોડી જાય છે. નિરંજન મહેતાનું ''સ્નેહમિલન '' જૂના ફિલ્મોની ઘટના જેવી વાર્તા છે. સરળતાથી શરું થઈને એ જ રીતે પૂરી થાય છે. કથાને અડધી વાંચતા જ તમામ વાચકોને અંતની જાણ થઈ જાય એવી છે. પણ વાર્તાગૂંથણી સારી થઈ છે. બે મિત્રોનું વર્ષો પછી થતું મિલન અને કૉલેજકાળના તાજા થતા સંસ્મરણો વાંચી શકાય એવા બન્યા છે.

મીનાક્ષી ચંદારાણાની ''હિંડોળ''માં મનના હિંડોળે ઝૂલતી ગ્રામનાયિકાની બાહ્ય અને આંતરિક કથાનો - મનોવિશ્વનો વિકાસ કલાત્મક રીતે થયો છે. એક તરફ બાહ્ય ગતિ - પ્રગતિની વાત અને બીજી તરફ નાયિકાની આંતરચેતનામાં થતો વૈચારિક વિકાસ આ વાર્તાનું કલાત્મક પાસું છે. અંતે પરાકાષ્ઠાએ પહોંચીને એક ભારતીય સ્ત્રી સંસ્કારથી થતું સમાપન વાર્તાને વધુ આસ્વાદ્ય બનાવે છે. અહીં ઉંબર નહીં ઓળંગવાની મર્યાદાનું ગાન છે.

કિરણ મહેતાની ''ગંગા કિનારે''માં વર્ણનો સારા છે. વાર્તા પણ સારી છે. ગંગા કિનારે બેઠેલા એક વૃદ્ધ માણસની વેદના અને એને મકોડો કરડતા આરંભાતા દુઃખદ ભૂતકાળના દૃષ્યોની અનુભૂતિ થોડી કૃતક